GJJN020019852023	દાવા પ્રાપ્તિ તારીખ :	૦૨/૦૩/૨૦૨૩
	દાવા દાખલ તારીખ :	૦૨/૦૩/૨૦૨૩
	દાવા નિર્ણિત તારીખ :	૨૭/૦૭/૨૦૨૬
	અવધિ :	વર્ષ:૦૩, મહીના:૦૪, દિવસ:૨૫

જૂનાગઢના અધિક સિવિલ જજશ્રીની અદાલત સમક્ષ,
મું. જૂનાગઢ.

રેગ્યુલર દિવાની મુકદમા નં.૪૦/૨૦૨૩.
આંક :-

વાદી :- **સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (આર.એ.એસ.એમ.ઈ.સી.સી.સી. બ્રાંચ),**
જુનાગઢ શાખાના મેનેજર,
આર.એ.એસ.એમ.ઈ.સી.સી.સી. કોલેજ રોડ, જુનાગઢ.

વિરૂધ્ધ.

પ્રતિવાદી:- **ચનાભાઈ કાળાભાઈ કોડીયાતર,**
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ડ્રાઈવીંગ,
રહે.વ્યાસના દવાખાના પાસે, સીટીબસ કોલોની ગાંધીગ્રામ,
જુનાગઢ.

દાવો :- **દાવો રૂા.૨,૬૫,૦૭૯/-વસુલ મળવા અંગે...**

વાદી તરફે વિધવાન વકીલશ્રી વી.પી. પુરોહીત
પ્રતિવાદી તરફે વિધવાન વકીલશ્રી કે.આર. પુરોહીત

-:: ઠ રા વ :-

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત:

૧.૧) વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે વાદી બેંક તે કોર્પોરેટ બોડી છે અને રાષ્ટ્રીયકરણ થયેલ સંસ્થા છે. તેઓ વાદી બેંક અગાઉ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના નામથી બેંકિગ તથા ધંધાકીય તથા અન્ય પ્રકારના ધીરાણ આપવાના કામકાજ કરતાં હતાં અને ત્યારબાદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ના કામકાજનો કાર્યભાર હસ્તગત કરેલ છે અને વાદી બેંકની અન્ય શાખાઓ પૈકીની તેની એક શાખા આર.એ.એસ.એમ.ઈ.સી.સી.સી., બાઉદ્ધીન કોલેજની સામે, જુનાગઢ મુકામે આવેલી છે. વાદી બેંકના કાર્યક્ષેત્રમાં આવતી અને તેની આજુબાજુના વિસ્તારોમાં ખેતધીરાણ તથા ઉદ્યોગ માટે તેમજ નાગરીકો અને તેના વ્યવસ્થા અને તેની મકાન વિગેરે સુવિધાઓ માટે તથા ધંધાકીય લોન આપવાની કામગીરી કરે છે અને લોન માટેની ફેસેલીટી પણ વાદી બેંક આપે છે. આ કામના પ્રતિવાદીએ તેના ધંધા માટે વાદી બેંક પાસેથી ઓટો રીક્ષા ખરીદવા માટે લોન રકમ રૂા. ૨,૨૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ વીસ હજાર પુરા ની માંગણી કરતાં તેમની માંગણીને ધ્યાને રાખતા તેઓ વાદી બેંકે પ્રતિવાદીને એકાઉન્ટ નં. ૩૮૧૧૯૧૨૭૪૦૧ થી રૂા. ૨,૨૦,૦૦૦/- અંકે રૂપીયા બે લાખ વીસ હજાર પુરા તા. ૧૦/૧૨/૨૦૧૮ ના રોજ આપેલ છે અને પ્રતિવાદીએ ઉપરોકત લોનની રકમ કરાર મુજબના ચડત વ્યાજ સહિત તેમજ રીઝર્વ બેંક વખતો વખત નક્કી કરે તે મુજબનું વ્યાજ સહિત ઉપરોકત લોનની રકમ ભરપાઈ કરવાની હતી અને આ કામના પ્રતિવાદીએ નીચે મુજબના દસ્તાવેજો તેમની મંજુર થયેલ લોન માટે વાદી બેંક જોગ કરી આપેલ છે:

(૧) લોનની અરજી તા. ૨૭/૧૧/૨૦૧૮
(૨) એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઈપોથીકેશન તા. ૧૦/૧૨/૨૦૧૮
(૩) લેટર ઓફ એરેંજમેન્ટ તા. ૧૦/૧૨/૨૦૧૮
(૪) રીવાઈવલ લેટર તા. ૮/૧૨/૨૦૨૧

વાદીનાઓના કથન મુજબ ઉપરની વિગતે આ કામના પ્રતિવાદીએ રૂા.૨,૨૦,૦૦૦/- પુરા ઉપરોકત લોન પેટે લીધેલ હતાં, જે રકમ કરાર મુજબ પ્રતિવાદીએ સમયસર ચડત વ્યાજ સહિત ભરપાઈ કરવાની હતી, પરંતુ પ્રતિવાદીએ બેંક સાથે થયેલ આ લોનના કરારની શરતો મુજબ લોનની રકમ

સમયસર ભરપાઈ કરેલ નથી અને પ્રતિવાદીએ આ લોનના કરારની શરતોનો ઉઘાડો ભંગ કરેલ છે, જેથી વાદી બેંક ઉપરોકત લોનની રકમ ચડત વ્યાજ સહિત એકીઆંકડે વસુલ મેળવવા હક્કદાર બનેલ છે. પ્રતિવાદીને ઉપરોકત લોનની રકમ ભરપાઈ કરી જવા જણાવેલ છે છતાં પ્રતિવાદીએ વાદી બેંકની ઉપરોકત લોનની રકમ ચડત વ્યાજ સહિત ભરપાઈ કરવા કોઈ દરકાર કરેલ નથી અને આજકાલ કરી સમય વિતાવેલ છે જેથી તેઓ વાદી બેંકે તેમના એડવોકેટ મારફત તા.૨/૧૧/૨૦૨૧ ના રોજ આ કામના પ્રતિવાદીને તેમની ઉપરોકત લોનની લેણી રકમ ચડત વ્યાજ સહિત ભરપાઈ કરવા લીગલ નોટીસ આપેલ હતી જે નોટીસ પ્રતિવાદીને મળેલ છે પરંતુ તેમ છતાં નોટીસનો અમલ કરેલ નથી કે વાદી બેંકની ઉપરોકત લેણી રકમ ભરપાઈ કરવા પ્રતિવાદીએ આજદિન સુધી દરકાર કરેલ નથી કે પ્રતિવાદીએ નોટીસનો જવાબ પણ આપેલ નથી. વાદીનાઓના કથન મુજબ, પ્રતિવાદી પાસે વાદી બેંકનું નીચે મુજબનું લેણું રોકાય છે.

રૂા. ૨,૬૫,૦૭૯.૯૫ પૈસા

દાવા તારીખથી કરાર મુજબના ચડત વ્યાજ સહિત

રૂા. ૨,૬૫,૦૭૯.૯૫ પૈસા

કુલ... (અંકે રૂપીયા બે લાખ પાંસઠ હજાર ઓગણએંશી અને પંચાણુ પૈસા)

ઉપરોકત વિગતોએ વાદી બેંકના પ્રતિવાદી પાસે ઉપરોકત લોનની રકમ રૂ. ૨,૬૫,૦૭૯.૯૫ પૈસા બાકી રોકાય છે, જે પ્રતિવાદીએ ભરપાઇ કરવાની કોઇ દરકાર નહી કરતાં, વાદી બેંકને હાલનો દાવો લાવવાની ફરજ પડી છે. વાદીનાઓએ વધુમાં જણાવેલ કે તા.૨૨/૦૯/૨૦૨૨ આ કામના પ્રતિવાદીએ લોન ખાતામાં રૂ.૧૧,૭૬૭/- જમા કરાવેલ છે જેથી હાલનો દાવો સમય મર્યાદામાં છે.

૧.૨) વાદીએ નીચે મુજબની દાદ માંગેલ છે :

(અ) આ કામના પ્રતિવાદીઓ પાસેથી વાદી બેંકના ઉપરોકત લોનની બાકી લેણી નિકળતી રકમ રૂા. ૨,૬૫,૦૭૯.૯૫ પૈસા તેમજ દાવા તારીખથી રકમ વસુલ થતાં સુધી રીઝર્વ બેંકના પ્રવર્તમાન દર મુજબનું માસીક ૧૮% લેખે ચક્રવૃધ્ધી વ્યાજ સાથે પ્રતિવાદીની સ્થાવર / જંગમ તેમજ જાત મિલ્કત પરથી વાદી બેંકને એકીઆંકડે વસુલ અપાવવા,

(બ) આ દાવાને લગતી બીજી મળી શકતી તમામ દાદ પ્રતિવાદી પાસેથી અપાવવા અને
(ક) આ દાવાનું વાદી બેંકનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા વાદી બેંકના લાભમાં હુકમનામુ કરી આપવા અરજ છે.

(૨) પ્રતિવાદીઓ તરફે દાવા અરજીના જવાબ :

ઉપર મુજબનો દાવો દાખલ થતા, દાવાનો સમન્સ આ કામના પ્રતિવાદીઓ ને કરવામાં આવતા, પ્રતિવાદીઓ તેમના વકીલ મારફતે હાજર થઇ આંક−૧૨ થી વાંધા જવાબ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે પ્રતિવાદીએ કોઈ પણ પ્રકારના લોનના કરારનો ભંગ કરેલ નથી અને સમયસર જ લોન ભરપાઈ કરતા હતા પરંતુ કોવિડ મહામારીના કારણે જે રીતે દરેક ધંધાને નુકશાન થયેલ છે તેમ પ્રતિવાદીને પણ ધંધામાં નુકશાન થયેલ અને લોન ભરપાઈ કરવામાં મુશ્કેલી ઊભી થયેલ હતી અને આનો ગેરલાભ લઈ બેંક દ્વારા પ્રતિવાદી પાસેથી એકી આંકડે રકમ વસૂલ મેળવવા હાલનો દાવો કરેલ છે, જે ગેરકાયદેસર છે અને ચાલવા પાત્ર નથી. આ સિવાય, પ્રતિવાદીએ જણાવેલ કે કોવિડ−૧૯ મહામારીને કારણે ભારત સરકાર તથા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વારંવાર ગાઈડ લાઈન્સ બહાર પાડી લેણાં રકમની વસૂલાત માટે દબાણ ન કરવા, લેણાં માફ કરવા વિગેરે અંગે બેંકોને સૂચના આપવામાં આવેલી હતી તેનો બેંકે ભંગ કરેલ છે અને મનસ્વી રીતે દાવો દાખલ કરેલ છે. ઉપર મુજબની વિગતો જણાવી પ્રતિવાદીએ વાદીનાઓનો દાવો રદ કરવાની અરજ કરેલ છે. અત્રે નોંધનીય છે કે આ કામના પ્રતિવાદીનાઓ જવાબ રજુ કર્યા બાદ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી અને તેઓની ઉલટતપાસ લેવાનો હક તા. ૧૮/૧૧/૨૦૨૫ ના રોજ બંધ કરવામાં આવેલ છે અને ત્યારબાદ તેઓનુ પુરાવા રજુ રાખવાનો હક તા. ૨૩/૦૨/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે.

(૩) રજુ થયેલ પુરાવા:

૩.૧) સદર કામે વાદી તરફથી દાવાના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

ક્રમ	સાહેદ	આંક
૧	વાદી તરફે સાહેદ પ્રતિક કટીચારા ની સરતપાસનું સોગંદનામું	૧૭

(૩.૨) સદર કામે વાદી તરફથી દાવાના સમર્થનમાં નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

ક્રમ	દસ્તાવેજની વિગત	આંક
૧	લોનની અરજી	૩૨
૨	એગ્રીમેન્ટ ઓફ લોન કમ હાઈપોથીકેશન	૩૩
૩	લેટર ઓફ એરેન્જમેન્ટ	૩૪
૪	રીવાઈવલ લેટર	૩૫
૫	વાદી એડવોકેટ મારફત પ્રતિવાદીને આપેલ નોટીસ	૩૬
૬	લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની નકલ	૪૧

(૪) દલીલો:

ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી રજૂ રાખ્યા બાદ વાદી કંપની ધ્વારા આંક–૪૩ થી પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજૂ રાખેલ છે. અત્રે નોંધનીય છે કે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ પ્રતિવાદીનાઓ તરફે કોઈપણ પુરાવાઓ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી અને વધુમાં, નોંધનીય છે કે પ્રતિવાદીપક્ષનાઓ દલીલ તબકકે પણ ગેરહાજર રહેતા તેઓનો દલીલ કરવાનો હક પણ તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ બંધ કરવામાં આવેલ છે. વાદી તરફે વિ.વ.ની દલીલો સાંભળવા માં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ કે,વાદીએ દાવા અરજીના સમર્થનમાં તમામ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જેને પ્રતિવાદી તરફથી પડકારવામાં આવેલ નથી. આમ, વાદીએ તેઓના દાવા અરજી મંજુર કરવાની વિનંતી કરેલ છે.

(૫) મુદાઓ :

સદરહુ દાવાના ન્યાયિક નિર્ણય સારૂં આંક–૧૩ થી નીચે મુજબના મુદાઓ મારા પુરોગામી સાહેબશ્રી થકી મુકરર કરવામાં આવેલ છે.

//ISSUES//

1) Whether Plaintiff Bank proves that Defendent has taken terms loan of Rs.2,20,000/- (In words Two Lac Twenty Thousand only) from the Plaintiff bank on Date: and has also executed the documents in favour of the Plaintiff bank as alleged?

2) Whether the Plaintiff bank proves that they are entitled to recover Rs.2,65,079-95/- (In words Two Lac Six Five Thousand Seventy Nine Ninty Five Pisa only) from the Defendent ?

3) Whether the suit is barred by period of Limitation?

4) Whether the Plaintiff bank is entitled to get interest? If Yes, at what rate?

5) What Order & Decree?

(૬) મુદ્દાઓ પર નિર્ણય:

મુદા નં.૧	:	હકારમાં,
મુદા નં.૨	:	અંશત: હકારમાં,
મુદા નં.૩	:	નકારમાં,
મુદા નં.૪	:	અંશત: હકારમાં,
મુદા નં.૫	:	આખરી હુકમ મુજબ.

(૭) સ્વીકારેલી હકીકતો:

સદરહું દાવાના કામે પ્રતિવાદીનાઓએ આંક ૧૨ થી પોતાનો જવાબ રજુ રાખેલ છે જેમા તેઓએ ઓટો રીક્ષા ખરીદવા માટે રૂ.૨,૨૦,૦૦૦ લોન મેળવેલ હોવાનુ અને લોનની રકમ કરાર મુજબના ચડત વ્યાજ સહીત પરત કરવાનુ હોય, તેવુ સ્વીકારેલ છે.

(૮) રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો

મુદ્દા નં. ૧ અને ૪ ની સંયુકત ચર્ચા :–

(૮.૧) મુદા નં.૧ (***Whether Plaintiff Bank proves that Defendent has taken terms loan of Rs.2,20,000/- (In words Two Lac Twenty Thousand only) from the Plaintiff bank on Date: and has also executed the documents in favour of the Plaintiff bank as alleged?***) ની ચર્ચા :

પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેવામાં આવે તો દિવાની દાવાઓમાં વાદીઓને માત્ર સંભવિતતાની પ્રાધાન્યતાના માપદંડ પર પોતાનો કેસ સ્થાપિત કરવાનો હોય છે. આ સિવાય, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ–૨ ધ્યાને લેવામાં આવે તો કોઈ હકીકત સાબિત થઈ હોવાનું ત્યારે કહેવાય છે જયારે કોર્ટ તે હકીકતને અસ્તિત્વમાં હોવાનું માને છે અથવા તો તે હકીકતના અસ્તિત્વને એટલી સંભવિત માને કે કોઈ પણ વિવેકપુર્ણ માણસે, તે સંજોગોમાં તે હકીકતોને અસ્તિત્વમાં માની, તે ધારણા પર કાર્ય કરે. હકીકતના અસ્તિત્વ અંગેની માન્યતા આમ સંભાવનાઓના સંતુલન પર આધારિત હોય શકે છે. અદાલતે વિરોધાભાસી સંભાવનાઓની તુલ્નાત્મક સરખામણી કરીને નિર્ણયક કરવો પડશે કે શું પ્રાધાન્યતા વાદી ધ્વારા દાવો કરાયેલ હકીકતની તરફેણમાં છે કે કેમ? આમ, જો વાદીના પુરાવા પ્રતિવાદીના પુરાવા કરતા વધારે ભાર ધરાવતા હોય અને અદાલતને પ્રતિવાદીના પુરાવા કરતા તે વધુ સંભવિત

અને સાચા હોવાનું જણાઈ આવે તો એવું માની શકાય કે વાદીએ સંભવિતતાના અગ્રતા દ્વારા તેનો કેસ સાબિત કર્યો છે.

ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત મુલ્યાંકનની પૃષ્ઠભુમિમાં હાલના દાવામાં રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો હાલના દાવામાં વાદી તરફે પ્રતિક કટીયારનુ આંક–૧૭ થી તેઓનુ સરતપાસનું સોગંદનામું રજૂ કરેલ છે જેમાં તેઓએ દાવા અરજી મુજબ અક્ષરશ: હકીકત જણાવેલ છે.

હવે, મુદા નં.૧ ની ચર્ચા કરતા પહેલા સૌપ્રથમ નોંધપાત્ર છે કે આ કામના પ્રતિવાદીનાએ પોતાના જવાબમાં સદરહુ લોનની રકમ મેળવેલ હોવાનુ અને સાથે જ કરાર મુજબની રકમ પરત ચુકવવાની હોય, તે મુજબની વિગતો સ્વીકારેલ છે. હવે, જો ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૭ અને ૫૮ ધ્યાને લેવામાં આવે તો તેમા જણાવવામાં આવેલ છે કે જયારે કોઈ વ્યકિતએ લેખિતમાં પોતાની વિરૂધ્ધની વિગતોને સ્વીકારેલ હોય ત્યારે તેવા સંજોગોમાં સદરહુ વિગતોને પુરવાર કરવાનુ રહેતુ નથી. આ સિવાય, તે પણ નોંધનીય છે કે આ કામે વાદીનાઓ થકી પોતાના સોગંદનામા સાથે આંક ૩૨ થી ૩૫ અને ૪૧ થી સદરહુ લોન અરજીના સંદર્ભેના તમામ દસ્તાવેજો પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ છે જેને પ્રતિવાદીનાઓ થકી પડકારવામાં આવેલ નથી. આમ, આ કામના પ્રતિવાદીનાઓએ પોતાના દસ્તાવેજો રજુ રાખી લોન મેળવેલ હોય તે અત્રેની કોર્ટના રેકોર્ડ પર પુરવાર થતુ હોય મુદા નં.૧ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે.

(૮.૨) મુદા નં.૨ (***Whether the Plaintiff bank proves that they are entitled to recover Rs.2,65,079-95/- (In words Two Lac Six Five Thousand Seventy Nine Ninty Five Pisa only) from the defendent*** ?) ની ચર્ચા :

વાદીનાઓએ પોતાની દાવા અરજીમાં જણાવેલ કે તેઓ પ્રતિવાદીનાઓ પાસેથી રૂ.૨,૬૫,૦૭૯/– મેળવવા હકદાર છે અને તેઓ પોતાના

સોગંદનામામાં પણ પ્રતિવાદીનાઓ પાસેથી તે રકમ મેળવવાની બાકી હોય તેવી વિગત અત્રેની કોર્ટ સમક્ષ જણાવેલ છે. અત્રે નોંધપાત્ર છે કે આ કામના વાદીનાએ પોતાની દાવા અરજી સાથે આંક ૪૧ થી પ્રતિવાદીનાઓના લોન ખાતાના ઉતારા અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે જેમા પ્રતિવાદીનાઓ થકી છેલ્લે તા. ૧૫/૦૩/૨૦૨૦ સુધી પૈસા જમા કરાવેલ હોવાની વિગતો અત્રેની કોર્ટના રેકોર્ડ પર આવેલ છે અને સાથે જ તા.૧૪/૦૯/૨૦૨૧ ના રોજ વ્યાજને પરત કરી બાકી રૂપિયા રકમ ૧,૯૫,૮૮૦/- હોવાનુ દર્શાવેલ છે. આ કામના વાદીનાએ આંક ૪૧ થી રજુ થયેલ ખાતાના ઉતારા સાથે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામના વાદીનાઓએ પ્રતિવાદીનાઓ પાસેથી રૂ. ૨,૬૫,૦૮૦/- બાકી હોવાનુ જણાવેલ છે પરંતુ સદરહુ રકમમાં ડિસ્ચાર્જ અમાઉન્ટ જેવી રકમનો ઉમેરો પણ દર્શાવવામાં આવેલ છે પરંતુ સદરહુ રકમનુ કયા નિયમ અને કયા કરાર હેઠળ ઉમેરો કરવામાં આવેલ છે તેવી કોઈ વિગત વાદીપક્ષનાઓ દવારા જણાવવામાં આવેલ નથી. હવે, ઉપરોકત દસ્તાવેજોના સિવાય વાદીનાઓ થકી, પ્રતિવાદીનાઓને આપવામાં આવેલ નોટીસની પ્રતિ પણ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે જે તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ પ્રતિવાદનાઓને મોકલવામાં આવેલ છે. સદરહુ નોટીસમાં પ્રતિવાદીનાઓ પાસેથી રૂ.૧,૯૫,૮૮૧/- બાકી હોવાનુ દર્શાવવામાં આવેલ છે. આ તબકકે તે પણ નોંધપાત્ર છે કે વાદીનાએ પોતાની દાવા અરજીમાં, પ્રતિવાદીનાઓએ તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ રૂ.૧૧,૭૬૭/- રૂપિયા જમા કરાવેલ હોય, તેવી વિગત પણ જણાવેલ છે. આમ, વાદીનાએ પોતાની દાવા અરજી, સોગંદનામુ તથા રજુ થયેલ ખાતાના ઉતારામાં સદરહુ બાકી નિકળતી લેણી રકમના સંદર્ભે વિસંગત વિગતો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. હવે, આ તબકકે તે પણ નોંધપાત્ર છે કે આ કામના પ્રતિવાદીનાએ પોતાના જવાબમાં સદરહુ લોન મેળવેલ હોવાનુ તેમજ કોવિડ મહામારીના કારણે લોન ભરવામાં મુશ્કેલી ઉભી થયેલ હોવાની વિગતો સ્વીકારેલ છે. વધુમાં, નોંધપાત્ર

છે કે પ્રતિવાદીનાઓ થકી, વાદીનાઓ દવારા રજુ રાખવામાં આવેલ કોઈ પણ દસ્તાવેજને પડકારેલ પણ નથી. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ, દાવા દાખલ થતી વખતે આ કામના પ્રતિવાદીનાઓ પાસેથી કેટલી ચોકકસ રકમ મેળવવાની બાકી હતી તે વાદીપક્ષનાઓ સ્પષ્ટપણે રેકોર્ડ પર લાવવામાં અસફળ નિવડેલ છે પરંતુ ઉપરોકત થયેલ ચર્ચા અને રજુ થયેલ દસ્તાવેજો (ખાતાના ઉતારા અને વાદીનાઓ થકી મોકલવામાં આવેલ લીગલ નોટીસ) ધ્યાને લેતા આ કામના પ્રતિવાદીનાઓ પાસેથી, વાદીનાઓના રૂ. ૧,૮૪,૧૧૪/- (તા.૦૨/૧૧/૨૦૨૧ ના રોજ આપેલ નોટીસમાં જણાવેલ રકમમાંથી દાવા અરજીમાં જણાવેલ તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ આપેલ રકમને બાદ કરતા) લેવાના બાકી રહેતા હોય તેવુ અત્રેની કોર્ટના રેકોર્ડ પર પુરવાર થયેલ છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદા નં. ૨ નો નિર્ણય અંશત: હકારમાં કરવામાં આવે છે.

(૮.૩) મુદા નં.૩ (***Whether the suit is barred by period of Limitation ?)*** ની ચર્ચા :

આ કામે વાદીનાએ પોતાની દાવા અરજીમાં જણાવેલ કે તા. ૧૦/૧૨/૨૦૧૮ ના રોજ આ કામના પ્રતિવાદીનાઓને લોન આપવામાં આવેલ અને સદરહુ લોન સમયસર ચુકવવામાં ન આવતા હાલનો દાવો દાખલ કરવામાં આવેલ છે. વાદીનાએ પોતાની દાવા અરજી સાથે આંક ૩૫ થી પ્રતિવાદીનાઓ થકી, વાદીનાઓને આપેલ રીવાઈવલ લેટરની પ્રતિ પણ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખેલ છે. સદરહુ દસ્તાવેજ ધ્યાને લેતા તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ પ્રતિવાદીનાઓ થકી સદરહુ રીવાઈવલ લેટરમાં વાદીનાઓની તરફેણમાં કરેલ હોવાનુ રેકોર્ડ પર આવેલ છે. અત્રે નોંધપાત્ર છે કે સમય મર્યાદા અધિનિયમ હેઠળ પૈસા પરત લેવા માટેના દાવા ત્રણ વર્ષમાં કરી શકાય તેવી જોગવાઈઓ કરવામાં આવેલ છે અને તે સાથે જ સદરહુ કાયદાની કલમ ૧૮ ધ્યાને લેવામાં આવે તો, તેમા, જયારે સમય મર્યાદા પૂર્ણ થતા પહેલા કોઈ વ્યકિત દવારા

લેખિતમાં જવાબદારી સ્વીકારવામાં આવે તો તેવા સંજોગોમાં સમય મર્યાદાની અવધી, તે દિવસથી (જે દિવસથી લેખિતમાં જવાબદારી સ્વીકારવામાં આવેલ હોય) ગણવાનો પ્રાવધાન કરવામાં આવે છે. આ કામે પ્રતિવાદીનાઓએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી વાદીનાઓના કોઈપણ દસ્તાવેજોને પડકારેલ નથી. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વાદીનાઓનો દાવો સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ હોય, તેવુ સ્પષ્ટપણે જણાય આવે છે જેથી મુદા નં. ૩ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

(૮.૪) મુદા નં. ૪ (***Whether the Plaintiff bank is entitled to get interest? If Yes, at what rate ?***) ની ચર્ચા :

વાદીનાએ પોતાની દાવા અરજીમાં પ્રતિવાદી પાસેથી લેવાની નિકળતી રકમ પર ચડત વ્યાજ મેળવવાની માંગણી પણ કરેલ છે. અત્રે નોંધનીય છે કે, મુદા નં.ર માં કરેલ ચર્ચા મુજબ આ કામના પ્રતિવાદીનાઓ પાસેથી રૂ. ૧,૮૪,૧૧૪/– લેવાના બાકી નિકળતા હોય તેવુ ઠરાવવામાં આવેલ છે. અત્રે નોંધપાત્ર છે કે આ કામના વાદીનાએ આંક ૪૧ થી અત્રેની કોર્ટ સમક્ષ પ્રતિવાદીનાઓના ખાતાના ઉતારા રજુ રાખેલ છે અને પ્રતિવાદીનાઓ પાસેથી લેવાની રકમમાં ડિસ્ચાર્જ અમાઉન્ટ જેવી રકમનો ઉમેરો પણ દર્શાવવામાં આવેલ છે પરંતુ સદરહુ રકમનુ કયા નિયમ અને કયા કરાર હેઠળ ઉમેરો કરવામાં આવેલ છે તેવી કોઈ પણ વિગત વાદીપક્ષનાઓ દવારા જણાવવામાં આવેલ નથી. આમ, વાદીનાઓની ઉપરોકત દાદને ગ્રાહય રાખી શકાય, તેમ નથી. હવે, આ તબકકે વ્યાજ સંબંધે દિવાની કાર્યરીતી સંહિતા, ૧૯૦૮ની કલમ ૩૪ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે જેમા નીચે મુજબની જોગવાઈઓ આપવામાં આવેલ છે :

“ક.૩૪ વ્યાજ

(૧) જયારે અને જેટલી હદ સુધી હુકમનામું નાણાં ચુકવવા માટેનું હોય ત્યાં અદાલતને વ્યાજબી લાગે તે દરથી નકકી થયેલી મુદૃલ રકમ ઉપર દાવો થયાની તારીખથી હુકમનામાની

તારીખ સુધીનાં વ્યાજનો હુકમ તથા મુદૃલ રકમ ઉપર દાવો દાખલ થયા પહેલાનું ચઢેલું વ્યાજ તે ઉપરાંત આપવાનો હુકમ હુકમનામાં થી કરી શકે અને તે ઉપરાંત અદાલતને આ મુદૃલ ઉપર વ્યાજબી લાગે તેટળું ૬ ટકાથી વધુ ન હોય એટલું વ્યાજ હુકમનામાની તારીખથી તેના ચુકવણાંની તારીખ સુધીનું અથવા અદાલતને ઉચિત લાગે તે પહેલાંની તારીખ સુધીનું વ્યાજ આપવાનો પણ હુકમ કરી શકે.

પરંતુ, આ રીતે નકકી થયેલી રકમના સંદર્ભમાં જો જવાબદારી કોઈ વાણિજિયક વ્યવહારમાંથી ઉતપન્ન થતી હોય, તો આવાં વધુ વ્યાજનો દર, દર વર્ષે દર સેકન્ડે ૬ ટકાથી વધુ હોઈ શકે. પણ કરારથી નિર્માણ થયેલા દરથી વધુ ન હોઈ શકે. અથવા જો કરારથી વ્યાજનો દર નિર્માણ થતો ન હોય, તો વાણિજિયક વ્યવહારોમાં રાષ્ટ્રીયકૃત બેન્કો જે દરથી નાણાનું ધિરાણ કરે છે, તે દરથી વધુ વ્યાજનો દર હોઈ શકે નહી.

*સ્પષ્ટીકરણ – ૧ *** *** ***”*

ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તેમા દાવા દાખલ કર્યા પહેલાથી જયાં સુંધી રકમની વસુલાત ના થાય ત્યાં સુધી વ્યાજનો હુકમ કરવાની સત્તા આપવામાં આવે છે. રેકર્ડ ઉપર આવેલ હકીકતો અને પુરાવાઓને ધ્યાને લેવામાં આવેતો વાદીનાઓ મુદૃલ રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે. સદર દાવા કામે વાદી તરફે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૧,૮૪,૧૧૪/- લેવાના હકકદાર બને છે અને દિવાની કાર્યરીતી સંહિતા ની કલમ ૩૪ ની જોગવાઈઓ ધ્યાને લેતાં તથા પ્રર્વતમાન બેકિંગ વ્યાજદરો ધ્યાને લેતાં વાદી, પ્રતિવાદી પાસેથી લહેણી રકમ ઉપર ૬% સાદુ વાર્ષિક વ્યાજ, તા.૨૨/૦૭/૨૦૨૨ (દાવા અરજી મુજબ છેલ્લી જમા કરાવેલ રકમની તારીખ) થી બાકી લહેણી પડતી રકમ વસુલ

આવતા સુધી મેળવવા હકકદાર હોવાનું હું માનુ છું. આમ, ઉપરોકત ચર્ચાના અંતે મુદા નં.૪ નો નિર્ણય **“અંશત: હકાર”** માં આપી, મુદા નં.૫ (શું હુકમ અને હુકમનામું) પરત્વે આખરી હુકમ નીચે મુજબ ફરમાવવામાં આવે છે.

-:: હુ ક મ ::-

(૧) આ કામના વાદીનો દાવો આથી **અંશત: મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રતિવાદીને, વાદી બેંકની લેણી નીકળતી લોનની રકમ **રૂા. ૧,૮૪,૧૧૪/-(અંકે રૂપિયા એક લાખ ચોર્યાસી હજાર એકસો ચવુદ)**, તા.૨૨/૦૭/૨૦૨૨ (દાવા અરજી મુજબ છેલ્લી જમા કરાવેલ રકમની તારીખ) થી રકમ વસુલ થતા સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ દરે, વાદીનાઓને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં, સદરહુ રકમ, પ્રતિવાદીનાઓની જાત અથવા મિલકતમાંથી સંયુકત અને વ્યકિતગત રીતે વસુલ મેળવવા હકકદાર હોવાનું પણ ઠરાવવામાં આવે છે.

(૩) રેકોર્ડ પર આવેલ વિગતો ધ્યાને લેતા પ્રતિવાદીએ પોતાને થયેલ દાવાનો ખર્ચ પોતે ભોગવવો અને વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ ૨૭મી, માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૨૭/૦૭/૨૦૨૬.

(કર્ણ અજીત મારવાહા)
અધિક સિવિલ જજ, જૂનાગઢ.
(GJ-01558)